પ્રકરણ ૭ મું

# ક્ષત્રપો, ગુપ્તકાળ, મૈત્રકકાલિન ખંભાત, ચાવડા

ખંભાત ગુજરાતમાં પુરાણકાળથી વિશિષ્ટ સ્થાન ભોગવતું આવ્યું છે; તેના પર ગુજરાતના જ રાજાઓની સત્તા હતી.

### સમયદર્શક તખ્તો

| | | |
|---|---|---|
| ૧ | ઈ. સ. પૂ. ૩૨૫ | મૌર્યકાળ, યવનકાળ અને શકકાળ |
| ૨ | ઈ. સ. ૧૦૦ થી ૪૦૦, | ક્ષત્રપકાળ |
| ૩ | ઈ. સ. ૪૦૦ થી ૪૭૦, | ગુપ્તકાળ |
| ૪ | ઈ. સ. ૪૭૦ થી ૭૮૯, | મૈત્રકકાળ |
| ૫ | ઈ. સ. ૭૮૯ થી ૯૪૨, | ચાવડાકાળ, (રાષ્ટ્રકૂટોનો સમય) |
| ૬ | ઈ. સ. ૯૪૨ થી ૧૨૪૫, | સોલંકી સમય |
| ૭ | ઈ. સ. ૧૨૪૫ થી ૧૩૦૦, | વાઘેલાનો સમય |
| ૮ | ઈ. સ. ૧૨૯૭ થી ૧૪૦૩, | દિલ્હીના રાજાઓનો સમય |
| ૯ | ઈ. સ. ૧૪૦૩ થી ૧૫૭૩, | ગુજરાતના સુલતાનો |
| ૧૦ | ઈ. સ. ૧૫૭૩ થી ૧૭૫૮, | દિલ્હીના મોગલ બાદશાહો |
| ૧૧ | ઈ. સ. ૧૭૩૦ થી ૧૯૪૮, | ખંભાતના નવાબસાહેબો |
| ૧૨ | ઈ. સ. ૧૯૪૮ થી | પ્રજાકીય સરકાર |

## ક્ષત્રપો (ઇ. સ. ૭૮ થી ૪૦૦)

ચષ્ટનના વંશના ક્ષત્રપોની સત્તા ઈ. સ. ૭૮થી ૪૦૦ સુધી ગુજરાત–સૌરાષ્ટ્ર ઉપર ચાલુ રહી છે. આ ક્ષત્રપ સત્તાને ઘણું કરીને સિન્ધમાંથી ઊતરી આવેલા આભીરોએ નબળી પાડી. પછી થોડા વખત માટે પુરાણોના હૈહયો કે કલચૂરીઓએ ગુજરાતને – ખાસ કરીને લાટને સર કર્યું જણાય છે. એઓનો ત્રૈકૂટક સંવત ગુજરાતના દક્ષિણી ચાલુકયોએ વાપર્યો છે.[૧]

ક્ષત્રપોના સમયમાં ખંભાતના સ્થળ માટે કાંઈ કહી શકાય તેવું મળ્યું નથી.[૨]

## ગુપ્તકાળ (ઈ. સ. ૪૦૦થી ૪૭૦)

'ક્ષત્રપો પછી ગુપ્તોના તાબામાં ગુજરાત ગયું. એઓ બ્રાહ્મણ સંસ્કૃતિ અને બ્રાહ્મણ ધર્મના અભિમાની હતા. ગુપ્તોની રાજધાની પાટલીપુત્ર અને અયોધ્યામાં હતી. ઈ. સ. ૪૦૦ પહેલાં તરતમાં ચંદ્રગુપ્ત બીજાએ માળવા જીતીને ગુજરાતમાં પેસી ક્ષત્રપ રુદ્રસિંહ પાસે છેવટ રહેલું સુરાષ્ટ્ર પણ એઓની પાસેથી લઈ લીધું.'[૧]

ક્ષત્રપો પાસેથી ગુજરાત લીધા પછી તેમણે આ પ્રાંતમાં ચાંદીના સિક્કા પડાવ્યા. ચંદ્રગુપ્ત બીજો,

---

૧. ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, પૃ. ૪

૨. ખં. ઈ. ભૂમિકા, પૃ. ૨૧.

૧. ગુ. મા. ર. ઈ. પૃ. ૯ વિન્સેન્ટ સ્મિથની અર્લી હિસ્ટરી ઑફ ઈન્ડિયા, આ. ૩ પૃ. ૨૯૨; મુ. ગે. ગ્રં. ૧ ભા. ૧ પૃ. ૬૬

કુમારગુપ્ત પહેલો અને સ્કંદગુપ્તના સિક્કાઓ મોટી સંખ્યામાં મળે છે.[૨] વળી તેઓના સોનાના સિક્કા પણ ગુજરાતનાં જુદાં જુદાં ગામોમાંથી મળ્યા છે.[૩] આ ગુપ્ત વંશના રાજાઓ પૈકી 'કાચ-ગુપ્ત'નો સુવર્ણ સિક્કો ખંભાતમાંથી મળેલો, અને તે ડૉ. શ્રી હરિપ્રસાદ શાસ્ત્રીએ વાંચેલો.[૪] આ મળેલા સિક્કા પરથી આ પ્રદેશ પર કાચગુપ્તનું શાસન હોવાનું અનુમાન તારવી શકાતું નથી. પણ ગુપ્તકાળ દરમિયાન કાચગુપ્તનો સિક્કો અહીં વાણિજ્યિક રીતે આવેલો હોવા સંભવ છે.[૫]

## મૈત્રકકાલીન ખંભાત

### ઈ. સ. ૪૭૦થી ઈ. સ. ૭૮૯

'નગરક (હાલનું નગરા) પથકનો ઉલ્લેખ ધરસેન ચોથાના એક દાનશાસનમાં તેમ જ શિલાદિત્ય ૩જાના એક દાનશાસનમાં આવે છે. નગરક પ્રાચીન સમયમાં મહત્ત્વનું નગર હતું; ને એનાં ખંડેરોમાં હજી અનેક પુરાતન અવશેષ દેખા દે છે. નગરા ૨૨°, ૨૧' ઉ; અને ૭૨°, ૩૮' પૂર્વ છે. નગરક પથકનાં ઘણાં ગામોનો સ્થળનિર્ણય થઈ શક્યો છે ને એ ઉપરથી આ પથકને નગરકની ઉત્તરે બાર માઈલ સુધી ચીંધી શકાય છે, જ્યારે દક્ષિણે એનો વિસ્તાર છેક મહિના મુખ સુધી અર્થાત્ ખંભાતના બારા સુધી જણાય છે.'[૧]

'હાલ ખંભાતના અખાત તરીકે ઓળખાતો અખાત નગરક (નગરા) પાસે આવેલો હતો. યુએન શું આંગે માલવથી અહીં આવીને અહીંથી 'અટલી' તરફ પ્રયાણ કર્યું હતું. (વોટર્સ ટ્રાવેલ્સ પુ. ૨)[૨]

વલભીપુરનાં ખંડેરોમાં પકવેલી માટીનાં તેમ જ જુદી જુદી જાતના કિંમતી પથ્થરો, મણકાઓનાં ઘણાં નંગ મળી આવે છે; એમાં અનેક પ્રકારના અકીક ને સ્ફટિકના મણકા તેમ જ નંગ વગેરે નજરે પડે છે. આ નંગ પર વૃષભ ને ગરુડ જેવાં લાંછનોની બારીક આકૃતિ કોતરેલી હોય છે. જેમાં મણિકારની હુન્નરકળા દીપી ઊઠે છે. વલ્લભીવંશની વાતમાં કાકૂ શેઠની રત્નજડિત કાંસકીમાં રાજકુંવરીનેય મોહાવે એવી અદ્ભુત કારીગરીનો ઉલ્લેખ આવે છે. કેટલાક મણકા પોલીશ કર્યા વગરના, કેટલાક મણકા કાણું પાડચા વગરના તથા કેટલાક ઘડવામાં અધૂરા રહી ગયેલા હોય છે, એ ઉપરથી એનો હુન્નર અહીં ચાલતો હોવાની ખાતરી થાય છે. (બો. ગે. પુ. ૧ ભા. ૧, પૃ. ૭૯). મધ્યયુગમાં આ હુન્નર ખંભાતમાં ઘણો ખીલ્યો હતો તે ઉપરથી મૈત્રકકાલ દરમિયાન એનું આખું કેન્દ્ર નગરક (નગરા)માં હોય એ તદ્દન સંભવિત છે.[૩]

વળી 'નગરક' પથક, 'ખેટક' આહારમાં દુહ્ડુહુ (દુહ્ડુહિકા) (દેહડા); જાઈણપલ્લિ (જીણજ); ગુડપલ્લિ (ગુડેલ); આ ગામો હતાં; અને તે નામો ઉપરથી હાલનાં નામો કેવાં પડચાં છે તે કૌંસમાં બતાવ્યાં છે,[૪] એટલે આ પ્રદેશ પર મૈત્રકોનો અમલ હશે.

---

૨. 'સ્વાધ્યાય' પુ. ૧લું; અંક ૧, પૃ. ૨૬૩

૩. એ જ.

૪. 'સ્વાધ્યાય' પુ. ૧લું. અં. ૧, 'ખંભાતમાંથી મળેલો કાચગુપ્તનો સુવર્ણ સિક્કો' લે. જી પ્ર. અમીન.

૫. એ જ પૃ. ૨૭૦. લે. જી. પ્ર. અમીન

૧ 'મૈત્રકકાલીન ગુજરાત,' ભા. ૧ લો પૃ. ૧૮૩ની ટીપની નોંધ

---

૨. એ જ. પૃ. ૨૪૩

૩. એ જ પુસ્તક, ભા. બીજો. પૃ. ૬૨૦

૪. 'બુદ્ધિપ્રકાશ' સને ૧૯૧૪ ઑક્ટો. પૃ. ૨૯૯ શ્રી રણજીતભાઈ વા. એ. 'ગુજરાતના ઈતિહાસનાં સાધનો એ લેખમાં તેમણે તામ્રપત્રો ઉપરથી તારવણી કરીને આપેલો લેખ.

## ચાવડા-સમય

### ( વિ. સં. ૮૦૨ થી વિ. સં. ૯૯૮ )

ગુજ્જરત્તા ( સં. ), ગુર્જરત્રા કે ગુર્જરદેશ જેવું નામ વિ. સં. નવમા દસમા શતક સુધી હાલના ગુજરાત માટે નહોતું વપરાતું. જોધપુર રાજ્યના ઉત્તર જિલ્લાઓથી આરંભી મારવાડનો ભાગ 'ગુર્જર' દેશ કહેવાતો હતો.[૧]

ગુર્જરજાતિ : ઈ. સ. છઠ્ઠા શતકની આસપાસમાં 'ગુર્જરદેશ' કે 'ગુજ્જરત્તા' નામ મળ્યું. અને તે પ્રદેશના રાજાઓ પણ 'ગુર્જરરાજા' કહેવાવા લાગ્યા અને એ જ કારણથી રાષ્ટ્રકૂટ લેખો જેને ગુર્જર કહે છે. મૂળરાજ સોલંકીએ અણહીલપુર પાટણનું રાજ્ય લીધા પછી હાલના ગુજરાતનું ગુર્જરદેશ નામ પ્રચલિત થયું.[૨]

ગુર્જર વાણિયા, ગુર્જર સુતાર, ગુર્જર કુંભાર વગેરે જાતિઓ ખંભાતમાં વસે છે.

પંચાસર : પંચાસરમાં જયશિખરી નામે રાજા થયો. તેનો પુત્ર વનરાજ થયો. એની દંતકથાઓ રત્નમાળ નામે ગ્રંથમાં છે. વનરાજે ઈ. સ. ૭૪૬ ( સં. ૮૦૨ )માં અણહીલપુર પાટણની સ્થાપના કરી. અને પચાસ વર્ષની ઉંમરે ગાદીએ બેઠો.

વનરાજ : ઈ. સ. ૭૪૬ થી ઈ. સ. ૮૦૫. એણે લગભગ ૬૦ વર્ષ સુધી રાજ્ય કર્યું. ત્યાર પછી (૨) યોગરાજ, (૩) રત્નાદિત્ય, (૪) વૈરસિંહ, (૫) ક્ષેમરાજ, (૬) ચામુડરાજ, (૭) આહડ અને (૮) ભૂભટ એમ આઠ રાજાઓ થયા. કુલ ચાવડા-વંશના રાજાઓએ વિ. સં. ૮૦૨ થી ૯૯૮ સુધી કુલ ૧૯૬ વર્ષ રાજ્ય કર્યું.

૧. ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ – ટીપ – ૫ – ૪૬

૨. એ જ પૃ. ૪૭

## આરબોનું આગમન ( ઈ. સ. ૬૩૬ )

ખંભાતમાં પ્રથમ આવનાર અરબ હતા. ઈ. સ.ની સાતમી, આઠમી તથા નવમી સદીમાં બગદાદાના નૌકા-સૈન્યના સૈનિક કે ખલાસી તરીકે ગુજરાતના બંદર કાંઠા પર વિજય મેળવવા કે લૂંટવા આવ્યા હતા.[૩] ૧૩મી સદીથી ૧૭મી સદીના અંત સુધી એટલે અલાઉદ્દીન ખીલજીના પતન સુધી ગુજરાતમાં મુસ્લિમ વેપારીઓ, સૈનિકો, આશરો શોધનારા અને ગુલામો દરિયા કે ખુશકીના માર્ગે આવ્યા છે; અને ગુજરાતમાં વસ્યા છે. તેઓ સામાન્ય રીતે મુસલમાનો તરીકે ઓળખાય છે, ગુજરાતના સુલતાનો અને અમીરો તરફથી અરબો ઉપરાંત, ઇરાનીઓ, અફઘાનો, એબીસીનીયનો ( હબસી ), તુર્કો વગેરેની સૈન્યમાં ભરતી કરવામાં આવતી.[૪] ખંભાત પર પહેલો આરબ હુમલો હી. સ. ૧૫ ( ઈ. સ. ૬૩૬ )માં થયો.[૫] આ વખતે મૈત્રક રાજા વલ્લભીપુરના – શિલાદિત્ય ૩જો ( ઈ. સ. ૬૬૪થી ઈ. સ. ૬૭૬ ) હતો.[૬]

## ગુજરાતમાં દક્ષિણના રાષ્ટ્રકૂટ રાજાઓનો અમલ ( ઈ. સ. ૭૪૫થી ઈ. સ. ૯૪૦ )

'લાટના રાષ્ટ્રકૂટોની રાજ્યસીમા મહીનદી સુધીની હતી. ખેટક–ખેડામાં રાજથાણું હતું. મહી ઉપરનો પ્રદેશ પ્રતિહારોના તાબામાં હતો. દક્ષિણનો સીમાડો નવસારી અથવા દમણ સુધીનો હતો.'[૧]

૩. 'ગુજરાતનો અરબી ઇતિહાસ' – પૃ. ૩૧

૪. એ જ,

૫. 'મૈત્રકકાલીન ગુજરાત' ભા. ૧ લો, પૃ ૧૩૫.

૬. એ જ,

૧. ગુ. દી. અં. સને ૧૯૩૬, પૃ. ૧૩૨ 'દક્ષિણના રાષ્ટ્રકૂટ રાજાઓ ગુજરાતમાં' લે. ધનપ્રસાદ ચંદાલાલ મુનશી.

'લાટપ્રદેશમાં તેઓનું પાટનગર રેવાતટે ભરૂકચ્છ–ભરૂચમાં હોય એમ લાગે છે. તેઓ ધર્મપ્રેમી હતા, અને પર્વણીના પ્રસંગે નર્મદામાં સ્નાનદાન કર્યાની હકીકત તામ્રપત્રોમાં છે. પુરાતનકાળથી ભરૂચ વ્યાપારનું કેન્દ્ર હતું. વ્યાપારી દૃષ્ટિએ પણ રાષ્ટ્રકૂટો ભરૂચમાં નિવાસ કરતા હોય.'[૨]

'ખંભાતનું બંદર રાષ્ટ્રકૂટોના કાળમાં પ્રસિદ્ધ હતું. આ બંદર–બારી ઉત્તરાપથના કનોજના પ્રતિહાર વંશના રાજાઓએ રાષ્ટ્રકૂટ રાજાઓના ભરૂચ બંદરના મુકાબલે ખીલવ્યું હોય એમ જણાય છે. જૂના કાળથી રાજાઓની સંપત્તિ વ્યાપારે પણ હતી : રાષ્ટ્રકૂટોનું વ્યાપારનું કેન્દ્ર ભરૂચ હતું અને કનોજના પ્રતિહારોનું કેન્દ્ર ખંભાત હતું.'[૩]

## અલમસુદી ( ઈ. સ. ૯૧૫ )

ઈ. સ. ૯૧૫માં માન્યખેટના રાષ્ટ્રકૂટોના હાથમાં ગુજરાત કેટલોક વખત રહ્યું. ઈ. સ. ૯૧૫માં અલમસુદી મુસાફર ખંભાત આવ્યો; ત્યારે ખેડાના બલ્હારા ( વલ્લભ ) રાજાનો પ્રતિનિધિ બ્રાહ્મણ રાજ્ય કરતો હતો.[૪] જે મુસલમાન વેપારીઓ તથા પરદેશીઓની સારી સંભાળ રાખતો.

## ગોવિંદ ચોથાનું તામ્રપત્ર : ( ઈ. સ. ૯૩૦ ) ખંભાતમાંથી

રાષ્ટ્રકૂટની ગાદીએ અમોઘવર્ષ પછી એનો પુત્ર કૃષ્ણ ( બીજા ) પછી એનો પૌત્ર ઇન્દ્ર ત્રીજો ગાદીએ આવ્યો. અને ત્યાર પછી તેનો પુત્ર ગોવિંદ ચોથો ગાદી ઉપર આવ્યો. આ ગોવિંદ ચોથાનાં શક સં. ૮૫૨ ( ઈ. સ. ૯૩૦ )ના જેઠ સુદ ૧૦, સોમવારનાં ત્રણ તામ્રપત્રો ખંભાતનો એક ખેડૂત હળ ખેડતો હતો ત્યારે તેને ખેતરમાંથી મળેલાં; તે લાકડાની એક પેટીમાં હતાં. તે પેટી ઉઘાડતાં તૂટી ગઈ. પછી તે પેટલાદના એક ગુજરાતીના કબજામાં આવ્યાં. તેની પાસેથી પ્રો. એ. વી. કાથવટેએ મેળવ્યાં હતાં. તે ૧૩૫/૮" લાંબાં અને ૧૦૩/૮" ઇંચ પહોળાં છે; તેની લિપિ સંસ્કૃત છે.[૫]

આ તામ્રપત્રમાં લખ્યું છે કે 'પોતે ગોદાવરી-કાંઠે કપિત્થ ગામમાં તુલાપુરુષદાન કરતી વખતે બ્રાહ્મણોને બલિ, ચરૂ, વૈશ્વદેવ માટે ત્રણ લાખ સુવર્ણ સાથે છસો ગામ દાનમાં આપ્યાં. તથા દેવકુલો ( મંદિરો )ના જીર્ણોદ્ધાર તથા મંદિરોમાં ગંધ, પુષ્પ, દીપ, નૈવેદ્ય તથા સાધુઓને વસ્ત્રાદિ માટે ચાર લાખ સુવર્ણ; ૩૨ લાખ દ્રમ્મ અને આઠસો ગામ આપ્યાં છે.' આ ઉપરથી સહેજે ખ્યાલ આવશે કે રાષ્ટ્રકૂટોની દાનપ્રવૃત્તિ કેટલી બધી હતી, વળી બ્રાહ્મણોને ઉત્તેજન આપવા તથા મંદિરોનું રક્ષણ કરવા દાન આપવાની પ્રથા ચાલુ થયેલી દેખાય છે. વળી બ્રાહ્મણધર્મ–શૈવધર્મનો પ્રચાર હતો એમ પણ જણાય છે.[૬]

ગોવિંદ ચોથાના ઉપરના ઉલ્લેખેલા ખંભાતના દાનપત્રથી જણાય છે કે ગોવિંદે લાટ દેશાન્તર્વર્તિ ખેટક–મંડલમાં કાવી પાસે આવેલું કેવજ્જ ( હાલનું કિમોજ ) ગામ દાનમાં આપ્યું છે; અને પછી તે છેક ઈ. સ. ૯૫૦માં પણ ખેડા પ્રદેશ પર રાષ્ટ્રકૂટોની સત્તા હતી.[૭]

લાટપ્રદેશ : ગુજરાતની આર્ય સંસ્કૃતિ અને સંસ્કારિતા ગુપ્તયુગ પછી સાચવનારા રાષ્ટ્રકૂટો

---

૨. એ જ પૃ. ૧૩૫

૩. એ જ, પૃ. ૧૩૫

૪. મુ. ગે. ગ્રં. ૧લો પૃ. ૧૩૧ ટીપ તથા પૃ. ૫૧૪

૫. 'ગુજરાતના ઐ. લે.' ભા. ૨ જામાં આ તામ્રપત્રો છપાયાં છે.

૬. ગુ. મ. રા. ઈ. પૃ. ૧૧૧

૭. એ જ, પૃ. ૧૧૨

હતા, મહીનદીના કાંઠાથી તાપીના કિનારા સુધીનો ભાગ લગભગ અમદાવાદથી નવસારી સુધીનો ભાગ લાટદેશ તરીકે જાણીતો હતો. પૌરાણિક કાળના ભૃગુ, દુર્વાસા, શૃંગી આદિ ઋષિઓના આશ્રમ આ ભાગમાં હતા એવું મનાય છે. પ્રારંભિક કાળમાં આરબો આ પ્રદેશને 'લાર' નામ આપે છે. હ્યુએનસંગ અને ટોલેમી આદિયાત્રીઓના વર્ણનમાંથી આ પ્રદેશનાં કેટલાંક સ્થળોનાં નામ મળે છે. આ પ્રાચીન સ્થળોમાં ભૃગુકચ્છ ખંભાત, અંકલેશ્વર, બારડોલી, દાહોદ, વટપ્રદ, નાંદોલ વગેરે છે.[૮]

વળી મસૂદી ( ઈ. સ. ૯૧૫ ) લખે છે : હિંદનું ખંભાત શહેર જોયું. એ જ શહેરના જોડા પ્રખ્યાત છે. એ જ કારણથી તે 'ખંભાતી જોડા' કહેવાય છે.[૯] ખંભાતમાંથી લીલમની સુંદર જાત હિંદુસ્તાનથી બહાર જાય છે. પ્રકાશ, લીલાશ અને ચળકાટમાં તે તે ઉપર વર્ણવ્યા જેટલો ઉમદા છે, પરંતુ ફરક માત્ર એટલો છે કે આ મજકૂર પથ્થરથી વધારે સખત અને વજનદાર છે. અને હરેક શખ્સને તફાવત માલમ પડતો નથી...ફક્ત હોશિયાર ઝવેરી જ તે સમજી શકે છે, અને એ હિંદી લીલમને ઝવેરી 'મક્કી' નામથી ઓળખે છે, કારણ કે હિંદથી એડન બંદરેથી પસાર થઈ મક્કાના બજારમાં લઈ જઈ તેને વેચવામાં આવે છે તેથી લોકો તેને 'મક્કી' જ કહે છે.[૧૦] ગુજરાતમાં તે વખતે વીરસીંગ ચાવડાની હકૂમત હતી.'

૮. 'ત્રૈમાસિક' ફા. સા. સ. વર્ષ, ૨. પૃ. ૯

૯. મસૂદીના ઇતિહાસ મરૂજુઝ્ઝહબમાંથી ગુજરાતનો ઇતિહાસ ભા. ૧, નદવી સાહેબનો પૃ. ૨૦૯

૧૦. એ જ (ભા. ૧. પૃ ૫૧૧)

## પ્રકરણ ૮ મું

# સોલંકી સમયની સંસ્કૃતિ

### સોલંકી રાજાઓનો સમય

ચાવડાવંશના રાજાઓના સમયમાં — ઈ. સ. ૭૪૬થી ઈ. સ. ૯૪૨ સુધીમાં — કોઈ ખાસ ઐતિહાસિક બનાવ નોંધાયો નથી અને સોલંકી-વંશના પ્રારંભના રાજાઓને લગતો ઇતિહાસ કાંઈ મળ્યો નથી. સિદ્ધરાજના સમયનો ઇતિહાસ નોંધાયો છે.

### સિદ્ધરાજ જયસિંહ

ઈ. સ. ૧૦૯૪ — ૧૧૪૩

( વિ. સં. ૧૧૫૦ — વિ. સં. ૧૧૯૯ )

મૂળરાજ પછી ચામુંડ અને ત્યાર પછી વલ્લભસેન, દુર્લભસેન, ભીમદેવ પહેલો અને કર્ણ વગેરે ક્રમે અણહીલવાડની ગાદી ઉપર આવ્યા. કર્ણ સોલંકી મરણ પામ્યો ત્યારે સિદ્ધરાજ નાનો હતો. તેના પિતાના સમયના ત્રણ પ્રધાન હતા. સાન્તૂ, મુંજાલ અને ઉદયન: તેમાં ખંભાતનો રાજકારભાર ઉદયન સંભાળતો હતો. ઉદામહેતાના નામથી તે પ્રખ્યાત છે. સિદ્ધરાજે તેને કાયમ રાખ્યો હતો.

### ન્યાયપ્રિય

જામેઉલહિકાયતમાં[1] સિદ્ધરાજ વિષે લખવામાં આવ્યું છે કે 'હું એક વખત ખંભાતમાં હતો તે વખતે મારા સાંભળવામાં આવ્યું છે કે આ શહેર ગુજરાતના રાજા જયસિંગ ( અવસાન ઈ. સ. ૧૧૪૩ — હિ. સ. ૫૩૮ )ના કબજામાં હતું. તેના સમયમાં અહીં આતશપૂજકો ( પારસી ) અને મુસલમાનોની ઘણી વસ્તી હતી. મુસલમાનોની એક મસ્જિદ હતી, જેની પાસે એક મિનારો પણ હતો; તે ઉપર ઊભા રહી બાંગી બાંગ પોકારતો હતો. પારસીઓએ ગેરમુસલમાનોને મુસલમાનો ઉપર હુમલો કરવાને ઉશ્કેર્યા. તેમણે મિનારો તોડી નાખ્યો, મસ્જિદ બાળી નાખી અને ૮૦ મુસલમાનોને મારી નાખ્યા. મસ્જિદના ખતીબનું નામ કુત્બઅલી હતું, તે બચી ગયો; અને અણહીલવાડ ચાલ્યો ગયો અને તેણે તમામ પીડિતોની ફરિયાદ કરી. રાજાના દરબારીઓમાંથી કોઈએ તેની ફરિયાદ સાંભળી નહિ, અને કોઈએ ધ્યાન આપ્યું નહિ. કુત્બઅલીએ સાંભળ્યું કે રાજા શિકાર કરવા જનાર છે. તે જંગલમાં જઈ રાજાના જવાના રસ્તા ઉપર એક ઝાડ નીચે બેઠો, રાજા ત્યાં પહોંચ્યો ત્યારે કુત્બઅલીએ વિનંતી કરી કે આપ મારી ફરિયાદ સાંભળી લો. રાજાએ સવારી રોકી. કુત્બઅલીએ એક કવિતા જે હિંદીમાં બનાવી હતી અને તેમાં તમામ બનાવો વર્ણવ્યા હતા તે રાજાના હાથમાં મૂકી. રાજાએ તે કવિતા વાંચી એક નોકરને હુકમ કર્યો કે તારે કુત્બઅલીને સુરક્ષિત તારી પાસે રાખવો અને હું કહું ત્યારે તેને દરબારમાં હાજર

---

૧. લેખક નૂરૂદ્દીન મોહમ્મદ આફીએ 'જામેઉલ-હિકાયત'નામે ગ્રંથ ઈ. સ. ૧૨૨૭ ( હિ. સ. ૬૨૫ ) અને ઈ. સ. ૧૨૩૧ ( હિ. સ. ૧૨૩૧ ) સુધીમાં લખ્યો છે. તે સિંહરાજના મરણ પછી લગભગ સો વરસે ખંભાતમાં આવ્યો હતો; અને તેણે લખ્યું છે કે 'હું એક વખત ખંભાતમાં હતો. એ સમુદ્રકિનારે આવેલું છે. ત્યાં સંખ્યા-બંધ સુન્ની મુસલમાનો રહે છે. તેઓ ચુસ્ત છે અને દિલના ઉદાર છે.' ( ગુજરાતનો ઈ. જ. નદવીસાહેબનો પૃ. ૩૦૧ )

કરવો. ત્યાર પછી રાજા પાછો ફર્યો અને પોતાના નાયબને બોલાવીને કહ્યું કે તમામ રિયાસતનું કામ તમારે કરવું. હું ત્રણ દિવસ માટે તમામ કામ છોડી દઈ ઝનાનામાં રહીશ. હવે પછી સલ્તનતના કારોબાર માટે મને કોઈ પણ રીતે છેડવો નહિ. તે જ રાત્રે રાજા એક સાંઢણી ઉપર સવાર થઈ ખંભાત ગયો અને ચાળીસ ફરસંગનું અંતર એક રાતદિવસમાં કાપ્યું અને સોદાગરના વેશમાં શહેરમાં દાખલ થયો.'[2]

'બજારો અને ગલીકૂંચીમાં અલગ અલગ જગાએ રહી કુત્બઅલીની શિકાયતો વિષેની સત્યતા તપાસતો રહ્યો. રાજાને સારી રીતે ખબર પડી ગઈ કે મુસલમાનો ઉપર અતિ જુલમ થયો છે અને તેઓની કતલ કરવામાં આવી છે. તે પછી તેણે એક વાસણ સમુદ્રના પાણીથી ભરાવ્યું. અને સાથે લઈ પાટણ તરફ રવાના થયો. ત્યાં પોતાની રવાનગીની ત્રીજી રાતે તે પહોંચ્યો. સવારે તેણે દરબાર ભર્યો, અને કુત્બઅલીને બોલાવીને કહ્યું કે તમે સર્વ બનાવોનું બ્યાન કરો. તેણે તમામ હકીકત સંભળાવી. દરબારી આદમીઓએ તેના ઉપર ખોટા બ્યાનનો આક્ષેપ મૂકવાની તથા ધમકાવવાની ઇચ્છા કરી; ત્યારે રાજાએ પોતાના પાણીવાળાને બોલાવી તે વાસણ હાજર રહેલાઓને આપવાને ફરમાવ્યું. જેથી કરીને તેઓ તેમાંથી પીએ. હરેક શખ્સે ચાખીને તે છોડી દીધું. અને તેઓ સમજી ગયા કે સમુદ્રનું પાણી છે, પીવાલાયક નથી. તે બાદ રાજાએ કહ્યું, આ મામલામાં જુદા જુદા ધર્મવાળાને સંબંધ હતો, તેથી મેં કોઈ ઉપર ભરોસો ન કર્યો અને મેં જાતે ખંભાત જઈ આ બાબતની તપાસ કરી ત્યારે માલમ પડયું કે ખરેખર મુસલમાનો ઉપર અતિ જુલમ થયો છે, ત્યાર પછી તેણે કહ્યું કે તમામ રૈયતની પરિસ્થિતિ વિષે સંભાળ રાખવાની અને એમનું રક્ષણ કરવાની મારી ફરજ છે. તેઓ સહીસલામતીથી રહી શકે. તે પછી ગેરમુસલમાનોમાંથી બબ્બે આદમીઓને (બહુધા જેઓ આ મામલામાં ફિસાદ કરવામાં આગેવાન હતા) સજા કરવાનો અને એક લાખ 'સોતર' કે 'બાલૂતરા' (ચાંદીના સિક્કા) આ મસ્જિદ અને મિનારા તૈયાર કરવામાં વાપરવાનો તેણે હુકમ કર્યો અને ચાર જાતના કીમતી કપડાના ટુકડાનો બનાવેલો ખિલાત અર્પણ કર્યો. આ ખિલાતનાં કપડાં આજ પર્યંત (ઈ. સ. ૧૨૨૭ – હી. સ. ૬૨૫) રાખી મૂકવામાં આવ્યાં છે. અને કોઈ મોટા તહેવારને દિવસે બતાવવામાં આવે છે. આ સર્વ મસ્જિદ અને મિનાર કેટલાક દિવસ પહેલાં કાયમ હતાં, પણ માળવાના લશ્કરે અણહીલવાડ ઉપર હુમલો કર્યો ત્યારે તે તોડી પાડવામાં આવ્યાં. સૈયદ શર્ફ તમન (સઈદુદ્દીન શર્ફ (વેપારી))એ પોતાને ખર્ચે તે ફરીથી બનાવ્યાં. અને એકને બદલે ચાર મિનાર બંધાવી તે ઉપર સોનાનો કળશ ચડાવ્યો. તે પોતાના ધર્મની ઇમારત ગેરઇસ્લામ મુલકમાં છોડી ગયો. તે ઇમારત આજ પર્યંત મોજૂદ છે.[3]

પ્રબંધચિંતામણી કે કીર્તિકૌમુદી વગેરે કોઈ સંસ્કૃત ગ્રંથોમાં આ હકીકત આપવામાં આવી નથી.

## મુસલમાન ઉપદેશકો ખંભાતમાં

'ગુજરાતમાં ઈ. સ. ૧૦૬૭ના અરસામાં (હી. સ. ૪૬૦માં) અરબસ્તાનના યમન પ્રાંતના હરઝ ગામમાંથી ઇસ્માઈલી જાતની મુસ્તાલી કોમના વડા મુલ્લાંએ અબ્દુલ્લા નામના એક ઉપદેશક —

---

૨. એક ફરસખ કે ફરસંગ બરાબર ત્રણ માઈલ હોય છે. ગુ. ઈ. નદવીસા. પૃ. ૩૦૦ ટીપ

૩. જામેઉલ હિકાયત, પ્રકરણ ૨.

'દાઈ'ને મોકલ્યા; અને તે ખંભાત બંદરે ઊતર્યા હતા.[૪]

### ખંભાતનો મંત્રી ઉદયન
### (ઈ. સ. ૧૦૯૪ લગભગ)

ચાવડા અને સોલંકી રાજાઓના શાસનકાળમાં ખંભાત અમરાપુરી જેવું હતું. રાજાઓની તેના ઉપર સંપૂર્ણ કૃપા હતી; એટલું જ નહિ પણ તેના ઉપર નીમવામાં આવતા મંત્રીઓ ખરા રાજભક્ત, પ્રજાપાલક, ધનાઢ્ય અને દીર્ઘદષ્ટિવાળા અને ધર્મપ્રેમી હતા. એવા જે મંત્રીઓએ ઉજ્જવળ રીતે રાજ્યકારભાર ચલાવી પોતાનાં નામ અમર કર્યાં છે તેમાં સૌથી પહેલું નામ ઉદયન મંત્રીનું આવે છે. ખંભાતની પ્રેમઘેલી જનતા તેને લાડથી ઉદામહેતાને નામે સદા સંબોધતી.

અણહીલવાડની ગાદી પર સોલંકીવંશનો કરણ રાજા (ઈ. સ. ૧૦૬૪–૧૦૯૪) થયો. તેને મુંજાલ, સાંતુ અને ઉદયન એ ત્રણ પ્રધાન હતા. કરણના મરણ પછી તેનો પુત્ર સિદ્ધરાજ જયસિંહ (ઈ. સ. ૧૦૯૪–૧૧૪૩) ગાદી પર આવ્યો. કરણના મરણ સમયે સિદ્ધરાજ નાની ઉંમરનો હોવાથી રાજમાતા મીનલદેવીએ પોતાના એ કુશળ મંત્રીઓને રાજ્યકારભાર સોંપી પ્રજાની પ્રીતિ મેળવી હતી. સિદ્ધરાજ યોગ્ય ઉંમરનો થતાં રાજ્યસત્તા હાથમાં લઈ રાજ્યકારભાર કરવા લાગ્યો.

કરણના સમયથી ખંભાતનો રાજ્યકારભાર ઉદયન મંત્રી કરતો હતો તેને સિદ્ધરાજે કાયમ રાખી ખંભાતની પ્રજાની ઉન્નતિ સોંપી હતી.

ઉદયન મૂળ મારવાડનો શ્રીમાળી વણિક હતો. ખાનદાન કુટુંબમાં જન્મેલો, પરંતુ લક્ષ્મીદેવીની તેના પર અકૃપા હતી. કાળચક્રના ઘસારામાં તે એવો ઘસાઈ ગયો કે તેને ઉન્નતિનું એક પણ કિરણ તેને પોતાના ગામમાં દેખાતું ન હતું. છેવટે વહાલા વતનને તિલાંજલિ આપી ઉદરપોષણ માટે પરદેશ સેવવાનો વિચાર કરવા લાગ્યો. લાંબા સમય સુધી આ વિચાર–મથનમાં પડ્યો અને સડ્યા કર્યો.

એક વખતે ચોમાસાનો દિવસ હતો અને ઘરમાં સમૂળગું ઘી ન હતું; તે લેવા માટે તે બીજે ગામ જતો હતો. માર્ગમાં ચાલતાં અનેક લીલાંકુંજ ખેતરો પર તેની દષ્ટિ પડી. કુદરતના રંગે તેની આંખો ઠરતી, પરંતુ ગરીબીના ઉષ્ણ જ્વાલાએ તેનું મગજ ઉકળતું રહેતું હતું. ઈશ્વરની એ બે અદ્ભુત સત્તાનો વિચાર કરતો કરતો ચાલ્યો જતો હતો. એટલામાં તેની નજરે એક ખેતરમાં કેટલાંક મજૂરો કામ કરતાં હતાં તે પડ્યાં. તેમને જોઈ તેણે પૂછ્યું, તમે કોણ છો? તે મજૂરોએ જવાબ આપ્યો કે અમે અમુક શેઠના દહાડીઆ છીએ, ત્યારે ઉદાએ કહ્યું કે મારાં મજૂરો ક્યાં છે? મજૂરો હસી પડ્યાં, અને કહ્યું કે કર્ણાવતીમાં. આ કથન ઉપરથી ઝીણી બુદ્ધિનો વાણિયો તરત સમજી ગયો કે આ મજૂરોના શબ્દો શુકનના છે. જો હું કર્ણાવતીમાં જઈશ તો સેવકાદિની સમૃદ્ધિ પામીશ. પછી તે કુટુંબસહિત કર્ણાવતીમાં ગયો.[૧]

---

૪. બો. ગ. ગે. પુ. ૯ ભા. રનું ભાષા. ગુજરાતના મુસલમાનો ભા. ૧ પૃ. ૭૧

ભા, કરીમમહંમદ માસ્તર. વળી તે પુસ્તકના પૃ. ૭૧ની ટીપમાં જણાવે છે કે ખા. બા. કાઝી શમ્સુદ્દીન અને બ્રીગ્સનાં ગુજરાતનાં શહેરોના પરિશિષ્ટને આધારે દાઉદી મઝહબની કિતાબમાં પહેલા 'દાઈ'ની વફાત (મરણ)ની સાલ ઈ. સ. ૧૩૭; હિ. સ. ૫૩૨ આપેલી છે, કોનોલી (બંગાળાની એ. સો.નું જર્નલ પૃ. ૬, પૃ. ૨, ૮૨૪) હિંદુઓને ઇસ્લામમાં દાખલ કર્યાની સાલ ઈ. સ. ૧૧૩૭ આપે છે, અને દાઈનું નામ અબદુલ્લા નહિ; પણ મોહંમદ આપે છે.

કૌલ્બ્રુકના પરચૂરણ નિબંધો ૨/૨૨૮. મીરાતે એહમદી (૨) ૮૭ કોનોલી માફક પહેલા ઘહેરા દાઈનું નામ મુલ્લાં મોહંમદઅલી આપે છે. અને કહે છે કે આ પીરની દરગાહ ખંભાતમાં છે. (આગળ આ ગ્રંથમાં જુઓ)

૧. પ્રબંધચિંતામણિ. ઉદયનપ્રબંધ પૃ.૧૧૮-૧૧૯

²કર્ણાવતીના વાયડા જ્ઞાતિના કોઈએ બંધાવેલા પાર્શ્વનાથનાં દર્શન કરી જીનાલયના ઓટલે વિચાર કરતો બેઠો. હવે ક્યાં જવું ? અને શું કરવું; તે વિચારે તેને ઘેરી લીધો. એટલામાં લાછિ નામની એક છીપણ ત્યાં દર્શનાર્થે આવી. તેણે ઉદયનને પોતાના ધર્મનો જાણી નમન કર્યું; અને પૂછયું કે તમે કોના મહેમાન છો ? તેણે જવાબ આપ્યો કે હું પરદેશી છું ને જે બોલાવે તેનો મહેમાન થાઉં. આથી લાછિ તેને પોતાને ઘેર તેડી ગઈ અને એક ઘર આપી તેને રાખ્યો. કેટલોક સમય ઉદ્યમ કર્યા પછી તેની પાસે કંઈક દ્રવ્ય એકઠું થયું. તે દ્રવ્ય વડે તે ઘરનો જીર્ણોદ્ધાર કરવા માંડ્યો. ઈશ્વરકૃપા તેના ઉપર ઊતરતાં તે ઘરના પાયામાંથી ઘણું દ્રવ્ય નીકળ્યું, તે દ્રવ્ય તેણે લાછિને આપવા માંડયું. લાછિએ તે ન લેતાં એટલું જ કહ્યું કે એ તો તમારા ભાગ્યનું છે.

ઈશ્વરકરુણા જ્યારે મનુષ્ય પર અવતરે છે ત્યારે સહેજમાં રંકમાંથી રાય બને છે. તેમ ઉદયન પાસે દિન–પ્રતિદિન વૃદ્ધિ થવા લાગી. તેણે કર્ણાવતીમાં ઘણું દ્રવ્ય ખરચી ઉદયવરાહ નામના મોટા દેવળમાં ૭૨ તીર્થંકરના મૂર્તિઓ પધરાવી. કરણ રાજાએ તેની ધર્મપ્રિયતા, કુલીનતા, ધનાઢ્યતા અને કુશળતા ઇત્યાદિ ગુણો જોઈ તેને પોતાનો મંત્રી બનાવ્યો.

સિદ્ધરાજના વખતમાં તે જ્યારે ખંભાતમાં હતો, ત્યારે કુમારપાળ બીકનો માર્યો ભટકતો ભટકતો ખંભાત આવ્યો હતો. ઉદયન મંત્રી કુમારપાળને પોતાને ઘેર લઈ ગયો;³ અને ખાવાપીવાની સારી મહેમાનગીરી કરી; તથા જતી વખતે કેટલુંક દ્રવ્ય તેને આપ્યું. સિદ્ધરાજના મરણ કેડે કુમારપાળ ગાદી ઉપર બેઠો ત્યારે તેણે ઉદયનને મંત્રીપદે કાયમ રાખ્યો.

ખંભાત ઉપર ઉદયન જેવા મહામંત્રીએ કરણ, સિદ્ધરાજ અને કુમારપાળના સમયમાં ઘણા લાંબા સમય સુધી કુશળતાથી રાજ્યકારભાર કરી ખંભાતની પ્રજાને સુખી કરી છે. ઇતિહાસનાં પાનાંઓમાં કરણ, સિદ્ધરાજ અને કુમારપાળનાં જ્વલંત નામો સાથે એ મહામંત્રીનું નામ સદા જ્વલંત છે.

હેમચંદ્રાચાર્યનો પ્રતિષ્ઠા–મહોત્સવ ઉદયને કર્ણાવતીમાં કર્યો કે ખંભાતમાં તે એક પ્રશ્ન છે એમ શ્રી રામલાલ મોદી કહે છે.⁴ બધા પ્રબંધોમાં કર્ણાવતીનું નામ છે જ્યારે પ્રભાવક ચરિતમાં ખંભાતનું નામ આપેલું છે. ખંભાતનો અધિકાર ઉદયનનો સિદ્ધરાજના સમયમાં સોંપાયો હોવાનો સંભવ છે, કારણ કે કર્ણાવતીમાં સારી રીતે સમૃદ્ધિ મેળવ્યા

---

૨. સાબરમતીને જે કાંઠે અમદાવાદ છે તે કાંઠે જ આશાવલ હતું અને આશાવલ એ જ કર્ણાવતી. એમ બેય નામનો પ્રચાર ચાલુ રહેલો. આ કર્ણાવતી જ્યારે મોટું હશે ત્યારે તેનો વિસ્તાર ઘણો હતો. ( ગુજરાતનું પાટનગર–અમદાવાદ )

૩. સિદ્ધરાજના માલવવિગ્રહ પછી સં. ૧૧૯૩ પછી બન્યો હોવો જોઈએ. ફા.ગુ.સ.મ. ગ્રંથ પૃ.૧૨૮

૪. ફા. ગુ. સા. સભા, મુંબઈના ૭૫ વર્ષ થયાં તે પ્રસંગે ' મહોત્સવગ્રંથ ' છપાયો છે, તેમાં સ્વ. શ્રી રામલાલ ચુનીલાલ મોદીએ ' મંત્રી ઉદયન ' એ વિષે વિસ્તારપૂર્વક લેખ લખ્યો છે; તેમાં પૃ. ૧૨૭–૧૩૮ સુધી સવિસ્તર ચર્ચા કરી છે, વળી તેની વંશાવળી આપી છે.

પ્રભાવક ચરિતમાં લખે છે કે

तमादाय स्तंभतीर्थे जग्मुः श्री पार्श्वमंदिरे ॥ श्लो. ३२

× × ×

श्रीमानुदयनतस्य दीक्षोत्सवमकारयत् ॥ श्लो. ३४

પછી તેણે ખંભાતમાં વેપાર ખેડવા માંડ્યો હશે એમ જણાય છે, આથી હેમચંદ્રાચાર્યનો દીક્ષામહોત્સવ કર્ણાવતીમાં ઉદયને ઉજવ્યો હશે, એવું તેમનું માનવું છે.

ઉદયનનું મરણ વિ. સં. ૧૨૦૫ પહેલાં થયેલું હોવું જોઈએ તેમાં શંકાને અવકાશ નથી.[૫]

## કુમારપાળ

ઈ. સ. ૧૧૪૨-૪૩ થી ઈ. સ. ૧૧૭૩

(વિ. સં. ૧૧૯૯ થી વિ. સં. ૧૨૨૯)

અણહિલવાડ પાટણ એ ગુર્જર સામ્રાજ્યનું કેન્દ્ર હતું. કુમારપાળના રાજ્યકાળમાં એની સમૃદ્ધિની પરાકાષ્ઠા હતી. અને એ સમયે એનો વિસ્તાર દક્ષિણ કોંકણથી માંડી આખુંયે રાજપૂતાના અને પશ્ચિમે કચ્છ, સૌરાષ્ટ્ર અને સિંધની સરહદ સુધીના પ્રદેશથી માંડી પૂર્વે આખાયે માળવાને આવરી લેતો હતો. ગુજરાતની રાજસત્તાની પડતીનાં બીજ કુમારપાળના રાજ્યકાળના છેલ્લા દિવસોમાં વવાઈ ચૂક્યાં હતાં.[૧]

## કુમારપાળ ખંભાતમાં

સિદ્ધરાજ પછી કુમારપાળ ગાદી પર બેસનાર છે; તે વાત સિદ્ધરાજને ગમતી ન હતી; આથી સિદ્ધરાજના ભયથી કુમારપાળને ભટકવું પડ્યું. તે ભટકતો ભટકતો ખંભાતમાં આવી ચડ્યો.

[૨]ખંભાતમાં તે વખતે ઉદયન મંત્રી હતો; તે ઉદયન પાસે ભાતુ માગવા માટે ગયો. પરંતુ ખબર પડી કે તેઓ પોષધશાળામાં અપાશરામાં ગયા છે, એમ સાંભળી તે ત્યાં ગયો; હેમાચાર્યને વંદન કરી ત્યાં બેઠો.

## હેમાચાર્યની ભવિષ્યવાણી

ઉદયને કુમારપાળ સંબંધી હકીકત હેમાચાર્યને પૂછવાથી શ્રી હેમાચાર્યે કુમારપાળનાં અંગોનાં લોકોત્તર લક્ષણો જોઈને આ ચક્રવર્તી રાજા થશે, એમ ભવિષ્ય ભાખ્યું. જન્મથી જ દરિદ્રતાથી પિડાયેલો હોવાથી તેને તે વચનમાં શંકા થવા લાગી. અને (કટાક્ષથી) 'ક્ષત્રિય માટે એ અસંભાવિત નથી.' એમ વિનંતી કરી, ત્યારે 'સં. ૧૧૯૯ના વર્ષમાં કાર્તિક વદિ બીજ ને રવિવારે હસ્તનક્ષત્રમાં જો તમારો રાજ્યાભિષેક ન થાય તો આજ પછી નિમિત્ત – ભાવિ ફળાદેશ જોવાનો મારે ત્યાગ કરવો.' એ પ્રમાણે પ્રતિજ્ઞા લખીને શ્રી હેમચન્દ્રાચાર્યે એક કાગળ મંત્રીને અને બીજો તેને આપ્યો. તેની આ કળાથી મનમાં આશ્ચર્ય પામેલા તે ક્ષત્રિયે 'જો આ સાચું પડે તો તમે જ રાજા અને હું તો તમારા ચરણની રજ' એ પ્રતિજ્ઞા સંભળાવી. ત્યારે 'જેને પરિણામે નરક છે એવા રાજ્યની ઇચ્છા અમે શું કરવા કરીએ? ઠીક, પણ તમારે આ ભૂલવું નહિ અને કૃતજ્ઞપણાથી હમેશાં જિનશાસનના ભક્ત થઈને રહેવું.' એમના આ ઉપદેશને માથે ચડાવીને તથા રજા લઈને મંત્રી સાથે તે ઘેર આવ્યો. અને સ્નાન, પાન, ભોજન વગેરે સત્કાર કરીને તથા જે માગ્યું તે ભાતું આપીને મંત્રીએ તેને રવાના કર્યો.

જિનમંડળગણિ રચિત કુમારપાલ પ્રબંધમાં કહે છે કે 'કુમારપાલ ફરતો ફરતો સ્તંભતીર્થ (ખંભાત)ની બહારના પ્રાસાદ આગળ આવી પહોંચ્યો. તે વખતે શ્રી હેમાચાર્ય પણ ત્યાં બહિર્ભૂમિ આવ્યા હતા. ત્યાં તેમણે સર્પના મસ્તક ઉપર ગંગેટક (એક જાતનું જનાવર) નાચતો જોયો અને અનુમાન કર્યું કે આટલામાં કોઈ રાજા હોવો જોઈએ. પછી દિશાઓનું અવલોકન કરતાં

---

૫. શ્રી ફા. ગુ. સ. મહોત્સવ ગ્રંથ પૃ. ૧૨૯
૧. ર. છો. પરીખ. કાવ્યાનુ. પ્રસ્તાવના પૃ. ૧૨
૨. પ્ર. ચિં. (ગુ. ભા.) પૃ-૧૬૫

કુમારપાળ આવતો નજરે પડચો, પણ કુમારપાળે તેમને ઓળખ્યા નહિ, તેથી વિસ્મય પામી સૂરિ તેને માનભેર પોતાના ઉપાશ્રયમાં લઈ ગયા ને પાછલી ઓળખાણ આપી.'[3]

કુમારપાળચરિત્રમાં પણ એ જ પ્રમાણે લખે છે.'[4] પૃથ્વી ઉપર પર્વત નગરાદિ સમૂહ જોતો વિવિધ વિબુધ જનો સાથે પ્રીતિ બાંધતો પૃથ્વીરૂપી યુવતીના હાર અને સહૃદયઅનુસાર એવા સ્તંભતીર્થમાં આવી પહોંચ્યો. તે વખતનું ખંભાતનું વર્ણન કરે છે કે ' શું આ અલકા ? કે સ્વર્ગ ! કે ઇંદ્રપુરી ! કે લંકા ? એમ સ્તંભતીર્થને જોતો પવિત્ર મતિવાળો તે મહાઆશ્ચર્ય પામી ગયો. કેટલાક દિવસ અહીં રહેવું એમ ધારીને શુદ્ધાત્મા એવો તે સુમતિ લોકલીલાને જોતોજોતો નગરમાં ફરતો ફરતો સુજનોને હર્ષ ઉપજાવનારી પ્રકર્ષવાળી એવી વિશાળ પુણ્યશાળા આગળ આવ્યો અને તેમાં પેઠો. સભામાં બેઠેલા શ્રી હેમચંદ્ર નામના સૂરિરાજને ત્યાં તેણે નમસ્કાર કર્યા; એટલે તેમણે તેને ધર્મલાભ કર્યા અને બેસો એમ આજ્ઞા આપી. જિનની પૂજા પછી ત્યાં ઉદયન નામે મુખ્ય મંત્રી આવ્યો; તેણે સર્વના ગયા પછી પણ આને બેઠેલો જોઈ આ સુંદર અને મનોજ્ઞ પુરુષ કોણ છે એમ પૂછ્યું. શ્રી વિક્રમથી ૧૧૯૯ વર્ષ પૂર્ણ થતાં આ પુરુષ પૃથ્વી ઉપર મહારાજાધિરાજ થવાનો છે. આજ એ તમારે ઘેર આવ્યો છે એનું યથાર્થ સન્માન કરવું. ગુરુના આવા વચન ઉપરથી તે માનપૂર્વક પોતાને ઘેર લઈ ગયો એટલે તેણે પણ ત્યાં સુખે વિહાર અને મુનિઓની સેવા કરતાં ઘણો કાળ આનંદમાં કાઢચો. ત્યાં પણ મારવા માટે રાજાના માણસો આવ્યા.

### શ્રી આચાર્યે રક્ષણ આપ્યું

કુમારપાળની પાછળ સિદ્ધરાજના માણસો પડ્યા હતા. તેઓ ખંભાત આવ્યા; બધે તપાસ કરતાં તેઓ શ્રી હેમાચાર્યના ઉપાશ્રયમાં આવ્યા. આ વખતે કુમારપાળ ત્યાં હતો; તેથી શ્રી આચાર્યે તેને ભોંયરામાં સંતાડચો અને ઉપર પુસ્તકો મૂકયાં. '[5]કુમારપાલને ઘાલીઓજી ભોંભી ભુંહરામાંહિ ' ૯૮ પુસ્તક ખડકયાં બારણેજી, બઈઠા હેમસુરિંદ;

૩. જિનમંડળગણિરચિત ' કુમારપાળ પ્રબંધ ' પૃ-૬૮

૪. કુ. ચ.નું ભાષાન્તર શ્રી મ. ન. ત્રિવેદી. સર્ગ–૨માં શ્લોક ૩૧થી ૩૯ સુધી.

૫ કવિઋષભદાસકૃત ' કુમારપાળરાસ ' પૃ–૧૦૨



શ્રી હેમચંદ્રાચાર્ય અને કુમાર પાળ ( ઈ.સ. ૧૧૪૨–૪૩ )

સેનાનિ તિહાં આવીઓજી, પૂછિઉ કુમરનિરંદ ૯૯
હેમસૂરિ તવ ઈમ કહઈજી, દીસે નહીં કર કિહાંઈ;
જો તુઘ્રસોધ્યો નવિ જડચોજી,તે ઘાલ્યો આ માંહિ ૧૦૦
સોધ્યો કુમર નરેશ્વરજી, નવિ લાધો નર કિહાંઈ
સુર સુભટ ઝાંખા થીઆજી, ખિણુ ખેદ મનમાંહિ ૧
સુર સુભટ પાછા વલ્યાજી, કાઢિયો કુંવર નરેશ
તું ઉભો ઈહાં મમ રહઈજી, નાસીજા પરદેશ.' ૨

સોલંકી યુગને સુવર્ણયુગ શા માટે કહે છે ?

સોલંકીયુગમાં અણહીલપુર અને ખંભાત ખૂબ સમૃદ્ધ શહેર હતાં. એથી ' જે દેશનાં ગામડાં પણ અપાર વૈભવવાળાં અને શહેર જેવાં છે ત્યાં શહેરની સંખ્યા તો શી રીતે ગણાવું ? અને અણહીલપુર, ખંભાત વગેરે અસંખ્ય સ્વર્ગનાં શહેર જેવાં શહેર છે.'[૧]

શ્રી ભોગીલાલ સાંડેસરા કહે છે કે ' ભારતના ઇતિહાસમાં ગુપ્ત રાજ્યકાળને સુવર્ણયુગ કહે છે તેમ ગુજરાતના ઇતિહાસમાં સોલંકી રાજ્યકાળને સુવર્ણયુગ કહેવાની પ્રથા પડી છે. ' સુવર્ણયુગ ' એક અલંકારિક શબ્દપ્રયોગ છે. જેમાંથી બુદ્ધિગમ્ય સ્પષ્ટ અર્થાભિવ્યક્તિ થતી નથી. પણ જે યુગમાં રાજા અને પ્રજાની શ્રદ્ધા અને સિદ્ધિ વિશિષ્ટ હોય તથા જીવનનાં વિવિધ ક્ષેત્રે તેમણે ઉત્સાહપૂર્વક પુરુષાર્થ કરીને સમાજજીવનને કંઈક અર્થપૂર્ણ બનાવ્યું હોય એ યુગ ઇતિહાસમાં વિશિષ્ટ ગણાવો જોઈએ. આ સોલંકી યુગ ગુજરાતની જાણવામાં આવેલી તવારીખમાં એક પ્રકારના ચાવીરૂપ સ્થાને છે. ભૌતિક દૃષ્ટિએ તો એ જમાનો આજના કરતાં ઘણો પછાત હતો. સામંતશાહી દમન નહોતું અથવા પ્રજાનું આર્થિક જીવન બહુ સલામત હતું એમ પણ નહિ કહી શકાય. પરંતુ મહત્ત્વની વાત એ છે કે એકંદર પ્રજાને પોતાના રાષ્ટ્રના ગૌરવનો ભલે અસ્પષ્ટ રૂપે પણ ખ્યાલ હતો. પોતાના પરાક્રમનું અભિમાન હતું. કોઈ ઉચ્ચ અભિલાષો અને આદર્શોને મૂર્તિમંત કરવામાં પોતે નિમિત્ત બની રહી છે એવી સભાનતા હતી અને ઉચ્ચતર સિદ્ધિઓ માટેનો ઉત્સાહ હતો એ વાતનું સ્પષ્ટ પ્રતિબિંબ સોલંકી યુગમાં સંસ્કૃત, પ્રાકૃત અને તત્કાલીન દેશભાષામાં રચાયેલા વિપુલ સાહિત્યમાં પડેલું છે. સોલંકી યુગનું મહત્ત્વ એ ભાવનાઓમાં છે. સાહિત્ય, શિલ્પ અને સ્થાપત્યમાં તે સમયે રચાયેલાં ભવ્ય સ્મારકો એ ભાવનાઓનો જ આવિષ્કાર છે.'[૨]

આ મતને મળતો અને આવો જ અભિપ્રાય 'ગુજરાતના પ્રાચીન ઇતિહાસ'કાર શ્રી હરિપ્રસાદ શાસ્ત્રી આપે છે. તે કહે છે કે ' ગુજરાતના સાંસ્કૃતિક વિકાસનાં વિવિધ ક્ષેત્રોમાં ગુજરાતનો મહત્ત્વનો ફાળો છે. આર્થિક તથા સામાજિક ક્ષેત્રમાં વેપારઉદ્યોગ તથા અર્થ–સંપત્તિમાં, ધર્મસંપ્રદાયો, ધર્મસ્થાનકો અને ધર્મસાહિત્યના વિકાસમાં, મંદિરો, મહેલો, કિલ્લાઓ, જળાશયો ઇત્યાદિની સ્થાપત્યકલા તથા શિલ્પકલાના વિકાસમાં તેમ જ વિદ્યા, સાહિત્ય અને શિક્ષણના વિકાસમાં રાજાઓએ તેમજ તેમના સામંતો, સ્વજનો, અધિકારીઓ, તેમજ અગ્રણી સાધુઓ, ગૃહસ્થો, સાહિત્યકારો તથા કલાકારોએ વિપુલ અને ગણનાપાત્ર ફાળો આપ્યો તેથી સધાયેલા વિવિધ વિકાસને લઈને સોલંકીકાલ એ ગુજરાતના રાજકીય તથા સાંસ્કૃતિક ઇતિહાસમાં સુવર્ણયુગ જેવો ગણાય છે.'[૩]

---

૧. જુઓ પુરાતત્ત્વ પુ. ૫, અં. ૧, પૃ–૧ થી ૬

૨. શ્રી. ભો. જે. સાંડેસરા.નું ' સોલંકી યુગની શ્રી અને સરસ્વતી' વિષેનું ભાષણ– પૃ, ૨૯

૩ શ્રી હરિપ્રસાદ ગં. શાસ્ત્રી. ' ગુજરાતનો પ્રા. ઇતિહાસ.' પૃ – ૩૦૭